જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૮/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૦૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૨૩૯ લીટર દેશી દારૂ, ૦૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૩ બીયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૮૩,૩૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૧૦૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૧૦૪/૨૦૨૬**

ઓઢવઃ આરતીદેવી વા/ઓ શિવાસિંગ સેંગર (રહે.વિશ્વાસનગર પુષ્પક રેસીડન્સી પાછળ ઓઢવ) નાઓ પોતાના ચાર વર્ષના પુત્રને સાથે લઈને ઓઢવ અંબીકાનગર ગોપાલ એસ્ટેટ “શક્તિ મેટલ” ખાતે કામ કરવા સારૂ ગયા હતા. જ્યાં તા.૦૮/૦૮/૨૦૨૬ સાંજના ૦૫/૦૦ વાગ્યાના સુમારે ગોપાલ એસ્ટેટ “શક્તિ મેટલ” ખાતે રમતા–રમતા ચાર વર્ષનો પુત્ર કારખાનાની લીફ્ટ નીચે આવી જતા દબાઈ જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને ઓઢવ ખાતે ખાનગી હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉક્ટરશ્રીએ તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ બોઘાભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૧૦૫/૨૦૨૬**

રામોલઃ મમતા ડો/ઓ છગનભાઇ ભરવાડ (ઉ.વ.૧૮) (રહે. ભરવાડવાસ પાણીની ટાંકી પાસે સી.ટી.એમ જામફળવાડી રામોલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૮/૨૦૨૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના ભાગે લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સી.ટી.એમ. ખાતે ખાનગી હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉક્ટરશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અશ્વિનકુમાર જગજીવનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી